E

001. નીચેના પૈકી કયો જિલ્લો ડિસેમ્બર-2021 માટે NITI - આયોગના ડેલ્ટા રેન્કિંગમાં સૌથી વધુ સુધારેલ મહત્વાકાંક્ષી જિલ્લા તરીકે કહેવાયો છે ?

(A) દાહોદ, ગુજરાત
(B) વારંગલ, તેલંગાણા
(C) ગડચિરોલી, મહારાષ્ટ્ર
(D) મલ્કાનગિરિ, ઓરિસ્સા

002. નીચેના પૈકી કઈ સંસ્થાએ તેના પ્રવર્તમાન વોટરશેડ અને વાડી કાર્યક્રમો હેઠળ પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે "જીવા કાર્યક્રમ"ને શરૂ કર્યો ?

(A) NITI - આયોગ
(B) NABARD
(C) રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયા
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

003. ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય અનુસાર ભારત બાજરીનું .......... સૌથી મોટું નિકાસકર્તા છે.

(A) ત્રીજું
(B) ચોથુ
(C) પાંચમું
(D) છઠ્ઠુ

004. ગુજરાતનો પ્રથમ પવન-સૌર હાઈબ્રીડ ઊર્જા પ્રોજેક્ટ .......... ખાતે સ્થાપવામાં આવ્યો છે.

(A) ભરૂચ
(B) કચ્છ
(C) મહેસાણા
(D) સુરેન્દ્રનગર

005. સંઘ સ્વાસ્થ્ય મંત્રાલયે મિશન ઈન્દ્રધનુષ 4.0 .......... માટે શરૂ કર્યો છે.

(A) દિવ્યાંગ લોકો
(B) ઘરડાં લોકોની વસ્તી
(C) બાળકો અને ગર્ભવતી મહિલાઓ
(D) ઉપરોક્ત તમામ

006. તાજેતરમાં નીચેના પૈકી કયા ભારતીય સંસ્થાને હેકપ્રુફ ક્વોન્ટમ્ કમ્યુનીકેશન સીસ્ટમનું પ્રદર્શન કર્યું છે ?

(A) આઈ.આઈ.ટી., મદ્રાસ
(B) ISRO
(C) DRDO
(D) C-DAC

007. ભારતે અન્ડર-19 પુરૂષોનો ક્રિકેટ વિશ્વ કપ 2020 પાંચ વખત જીતવાનો કીર્તિમાન નોંધાવ્યો. આ વિશ્વકપ .......... ખાતે યોજાયો હતો.

(A) ઓસ્ટ્રેલિયા
(B) એન્ટિગુઆ અને બાર્બુડા
(C) ન્યુઝીલેન્ડ
(D) યુએઈ

008. જો આપણે એક દડાને ઉપરની તરફ આપણાથી બને એટલુ ઊંચુ ઉછાળીએ તો નીચેના પૈકી કયું ભૌગોલિક માપ(જથ્થો) અચલ રહેશે ?

(A) વિસ્થાપન
(B) ગતિ
(C) પ્રવેગ
(D) વેગ



MaruGujarat.net
MaruGujarat.net
Scanned with CamScanner

009. પદાર્થના મુક્ત રીતે પડવા દરમ્યાન ....

(A) તેની સ્થિતિજ ઊર્જા (potential energy) વધે છે અને તેની ગતિ ઊર્જા (kinetic energy) ઘટે છે.

(B) તેની સ્થિતિ જ ઊર્જા ઘટે છે અને તેની ગતિ ઊર્જા વધે છે.

(C) તેની સ્થિતિજ ઊર્જા તેમજ ગતિ ઊર્જા બંને વધે છે.

(D) તેની સ્થિતિજ ઊર્જા તેમજ ગતિ ઊર્જા બંને ઘટે છે.

010. સૂર્યમાં પરમાણુ ફ્યુઝન (nuclear fusion) ની પ્રક્રિયા માટે .......... જરૂરી છે.

(A) ખૂબ જ ઊંચુ તાપમાન અને ખૂબ જ ઊંચુ દબાણ

(B) નીચું તાપમાન અને ઊંચું દબાણ

(C) ઊંચું તાપમાન અને નીચું દબાણ

(D) ખૂબ જ ઊંચું તાપમાન અને દબાણ નહીં

011. નીચેના પૈકી ભારતના રાજ્યોની કઈ જોડીઓ સૌથી પૂર્વીય રાજ્યો અને સૌથી પશ્ચિમી રાજ્યોનો નિર્દેશ કરે છે ?

(A) આસામ અને રાજસ્થાન
(B) અરૂણાચલ પ્રદેશ અને રાજસ્થાન
(C) આસામ અને ગુજરાત
(D) અરૂણાચલ પ્રદેશ અને ગુજરાત

012. ગુજરાતમાં જમીન બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. છીછરી કાળી જમીન સૌરાષ્ટ્રમાં બેસાલ્ટિક ટ્રેપમાંથી વિકસી છે.

2. છીછરી કાળી જમીન આછા ભૂખરા રંગની હોય છે અને મુખ્યત્વે રેતાળ માટીવાળી લોમી રચના ધરાવે છે.

3. આ જમીન ઉચ્ચ ફળદ્રુપતા ધરાવે છે.

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 1 અને 3
(C) ફક્ત 2 અને 3
(D) 1, 2 અને 3

013. ગુજરાતમાં બૌધ્ધ ધર્મના પ્રારંભિક અસ્તિત્વનો પુરાવો .......... ખાતે જોવા મળે છે.

(A) દ્વારકાનું મંદિર
(B) અડાલજની વાવ
(C) જૂનાગઢમાં અશોકનો શિલાલેખ
(D) ઉપરોક્ત તમામ

014. કચ્છમાં 'પ્રાગમહેલ' નીચેના પૈકી કઈ સ્થાપત્ય શૈલીમાં બનેલો છે ?

(A) ઈન્ડો-ઈસ્લામીક
(B) ઈન્ડો-એથીનીક
(C) ઈન્ડો-ગોથીક
(D) મુઘલ શૈલી

015. 19મી સદીના ઉત્તરાર્ધમાં ગુજરાતી રંગભૂમિ ઉપસી આવવા માટેની પૃષ્ઠભૂમિ કઈ હતી ?

(A) પરંપરાગત ભવાઈ સામે પ્રતિક્રિયા
(B) આધુનિક તખ્તાનો (modern stage) ઉદય
(C) સંસ્કૃત અને અંગ્રેજી નાટકનો અભ્યાસ
(D) ઉપરોક્ત તમામ

016. નીચેના પૈકી કયા 15મી સદીના ગુજરાતી ભક્તિકવિ છે ?

(A) પ્રેમાનંદ ભટ્ટ
(B) નરસિંહ મહેતા
(C) નરસિંહ રાવ
(D) નાનાલાલ દલપતરામ કવિ



MaruGujarat.net
MaruGujarat.net
MaruGujarat.net
Scanned with CamScanner

MaruGujarat.net

E

017. .......... સંપ્રદાયની અગત્યની સાહિત્યિક કૃતિને ચોર્યાસી વૈષ્ણવની વાર્તા તરીકે ઓળખવામાં આવે છે.

(A) ચૈતન્ય
(B) વરકારી
(C) વલ્લભ
(D) વીરશીવા

018. પ્રથમ મૌલિક ગુજરાતી નાટક 'ગુલાબ' .......... દ્વારા લખાયું હતું.

(A) નગીનદાસ મારફતીયા
(B) નવલરામ પંડ્યા
(C) નગીનદાસ પારેખ
(D) રણછોડભાઈ ઉદયરામ દવે

019. ગુજરાતના કયા ભાગમાં પટ્ટણી બોલી બોલાય છે ?

(A) કાઠીયાવાડ
(B) સૌરાષ્ટ્ર-કચ્છ
(C) મધ્ય ગુજરાત
(D) ઉત્તર ગુજરાત

020. રૂદ્રદમનના છ શિલાલેખો ગુજરાતના .......... માંથી મળી આવ્યાં હતાં.

(A) અંધાઉ
(B) ભૂજ
(C) લખપત
(D) અંજાર

021. રાજ્યમાં વિધાન પરિષદને સંસદ દ્વારા .......... ની ભલામણ અન્વયે નાબૂદ કરી શકાય છે.

(A) રાજ્યપાલ
(B) રાજ્ય વિધાનસભા
(C) રાષ્ટ્રપતિ
(D) મુખ્યમંત્રી

022. ચોથી પેઢીના (Fourth generation) કમ્પ્યુટરોમાં મલ્ટીપ્રોસેસીંગ સીસ્ટમ્સનું અમલીકરણ .......... સાથે થયું.

(A) સીરીયલ પ્રોગ્રામિંગ લેંગ્વેજીસ
(B) પેરેલલ પ્રોગ્રામિંગ લેંગ્વેજીસ
(C) કોન્કરંટ પ્રોગ્રામિંગ લેંગ્વેજીસ
(D) ટાઈમ શેરીંગ પ્રોગ્રામિંગ લેંગ્વેજીસ

023. .......... ડીસ્કને ટ્રેક્સ (Tracks) અને સેક્ટરો (Sectors) માં વિભાજીત કરવાની પ્રક્રિયા છે.

(A) ટ્રેકીંગ (Tracking)
(B) ક્રેકીંગ (Cracking)
(C) બફરીંગ (Buffering)
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

024. કોમ્પ્યુટર સીસ્ટમમાં તેની કાર્યક્ષમતા વધારવા માટે જોડી શકાય તેવા ઉપકરણો માટેનો પારિભાષિક શબ્દ .......... છે.

(A) નોટપેડ
(B) પેરીફરલ ડીવાઈસ (peripheral device)
(C) ડિસ્ક પેક
(D) ઉપરોક્ત તમામ



MaruGujarat.net
MaruGujarat.net
Scanned with CamScanner

025. કઈ લાક્ષણિકતા રીડ-ઓન્લી-મેમરી (ROM) ને ઉપયોગી બનાવે છે ?

(A) ROM માહિતીને સહેલાઈથી અદ્યતન કરી શકાય છે.

(B) ROM માં ડેટા અસ્થિર નથી, એટલે કે, તે વીજ પ્રવાહ વગર પણ ત્યાં રહે છે.

(C) ડેટા હેક (hack) થઈ શકતો નથી.

(D) ઉપરોક્ત તમામ

026. દ્વિસંગી ભાષામાં (binary language) મૂળાક્ષરનો (alphabet) દરેક અક્ષર, દરેક સંખ્યા અને દરેક ખાસ પાત્ર (special character) .......... ના અનન્ય સંયોજનનું બનેલું હોય છે.

(A) 2 બિટ્સ
(B) 4 બિટ્સ
(C) 8 બિટ્સ
(D) 16 બિટ્સ

027. માહિતીના વિશાળ જથ્થાને સંગ્રહ કરવા માટે .......... લેસર ટેકનોલોજીનો ઉપયોગ કરે છે.

(A) ફ્લોપી ડિસ્ક
(B) CD ROM
(C) પેન ડ્રાઈવ
(D) ઉપરોક્ત તમામ

028. HTML માં .......... એક જગ્યા બનાવે છે જેમાં માહિતીની એક લીટી ટાઈપ કરી શકાય છે.

(A) TYPE = "TEXT"
(B) TYPE = "CHECKBOX"
(C) TYPE = "NEW"
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

029. તમે જ્યારે તમારો ડેટા .............. માં સેવ (Save) કરો છો ત્યારે તમારો ડેટા કમ્પ્યુટરને બંધ કરવા છતા પણ અકબંધ રહે છે.

(A) RAM
(B) મધરબોર્ડ
(C) સેકન્ડરી સ્ટોરેજ ડીવાઈસ
(D) પ્રાયમરી સ્ટોરેજ ડીવાઈસ

030. જમીનનો સૌથી ઉપરનો સ્તર .......... નો બનેલો હોય છે.

(A) ફક્ત માટીમાં રહેલા સેન્દ્રિય પદાર્થના રજકણ (હ્યુમસ) અને સજીવ જીવતંત્ર

(B) ફક્ત સજીવ જીવતંત્ર અને માટીના કણો

(C) ફક્ત માટીમાં રહેલા સેન્દ્રિય પદાર્થના રજકણો

(D) માટીમાં રહેલા સેન્દ્રિય પદાર્થના રજકણ, સજીવ જીવતંત્ર અને માટીના કણો

031. સોલંકી રાજાઓ બાબતે નીચેના પૈકી કયું / કયા વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) સોલંકી રાજાઓનો કુલધર્મ શૈવ હતો.

(B) સોલંકી રાજદરબારમાં જૈન આચાર્યોનું માનભર્યું સ્થાન રહેતું.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) બંને પૈકી કોઈ નહીં



MaruGujarat.net
MaruGujarat.net
Scanned with CamScanner

**E**

032. સોમનાથ મંદિરની મુલાકાત લેતા યાત્રાળુઓ ઉપર કર લેવાનું કયાં સોલંકી રાજાએ બંધ કર્યું ?

(A) કુમારપાળ (B) કર્ણ

(C) ભીમ-પહેલો (D) સિધ્ધરાજ જયસિંહ

033. અંગ્રેજો વિરૂધ્ધ પંચમહાલ ખાતે .......... ના નેતૃત્વ હેઠળ નાઈકદાસ આદિજાતિ ચળવળ થઈ હતી.

(A) રૂપસિંહ (B) બુધ્ધો ભગત

(C) જાફરા ભગત (D) ગોવિંદ ગુરૂ

034. 1904 નો બાળવિવાહ પ્રતિબંધ અધિનિયમ .......... રાજ્ય દ્વારા પસાર કરવામાં આવ્યો હતો.

(A) રાજકોટ (B) જુનાગઢ

(C) બરોડા (D) અમરેલી

035. કાશ્મીરી કવિ બિલ્હણ રાજા .......... ના સમયમાં પાટણ આવ્યો હતો અને થોડા વર્ષ ગુજરાતમાં રહ્યો હતો.

(A) કુમારપાળ (B) ચંદ્રગુપ્ત મૌર્ય

(C) કર્ણદેવ (D) નંદ

036. 2011ની વસ્તી ગણત્રી અનુસાર નીચેના પૈકી કયો જિલ્લો સૌથી ઓછો જાતિ ગુણોત્તર ધરાવે છે ?

(A) નર્મદા (B) પોરબંદર

(C) તાપી (D) જુનાગઢ

037. ગુજરાતની ભૌગોલિક લાક્ષણિકતાઓ બાબતે નીચેના પૈકી કયું વિધાન સાચું નથી ?

(A) ગુજરાત દેશમાં સૌથી લાંબો સાગરતટ ધરાવે છે.

(B) ગુજરાતની ઉત્તરીય સીમાએ મકરવૃત્ત પસાર થતો હોવાથી રાજ્ય અતિશય ઉષ્ણ અથવા ઠંડુ વાતાવરણ ધરાવે છે.

(C) ગુજરાત વન હેઠળ આશરે 19.66 લાખ હેક્ટર જમીન ધરાવે છે.

(D) ગુજરાતમાં ભેજવાળા પાનખર જંગલો ડાંગ અને સુરત વિભાગમાં વ્યારાના ભાગોમાં થાય છે.

038. નીચેના પૈકી કઈ લુણી નદીની ઉપનદી / ઉપનદીઓ છે ?

(A) જવાઈ (B) ભીમ

(C) (A) અને (B) બંને (D) (A) અને (B) બંને પૈકી કોઈ નહીં

039. અગ્નિકૃત ખડકો બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) બાહ્ય અગ્નિકૃત ખડકો મોટા કણ ધરાવે છે જ્યારે આંતરિક અગ્નિકૃત ખડક બારિક કણ માળખું ધરાવે છે.

(B) અગ્નિકૃત ખડકો પૃથ્વીના પોપડાનો મુખ્ય ભાગ બનાવે છે. તે પ્રસ્તર ખડકોના પાતળા સ્તર દ્વારા આવૃત હોય છે.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) બંને પૈકી કોઈ નહીં



MaruGujarat.net
MaruGujarat.net
Scanned with CamScanner

040. નીચેના પૈકી કયા રાજ્યો પાકિસ્તાન સાથે સમાન સીમાઓ ધરાવે છે ?

(A) જમ્મુ અને કાશ્મિર, હિમાચલ પ્રદેશ, પંજાબ અને રાજસ્થાન

(B) પંજાબ, જમ્મુ અને કાશ્મિર, રાજસ્થાન અને ગુજરાત

(C) જમ્મુ અને કાશ્મિર, પંજાબ, હરિયાણા અને રાજસ્થાન

(D) પંજાબ, હિમાચલ પ્રદેશ, ગુજરાત અને રાજસ્થાન

041. નીચેના પૈકી પ્રાણીઓનું કયું જૂથ વિલુપ્ત જાતિઓ (endangered species) ની શ્રેણીમાં આવે છે ?

(A) ઘોરાડ (ગ્રેટ ઈન્ડીયન બસ્ટર્ડ), કસ્તુરી મૃગ (મસ્ક ડીયર), રાતો પાંડા (રેડ પાંડા) અને ઘુડખર (એશિયાટીક વાઈલ્ડ એસ)

(B) કાશ્મીરી હંગુલ (કાશ્મીર સ્ટેગ), ચીતલ, નીલગાય (બ્લ્યુ બુલ) અને ઘોરાડ

(C) હિમ-ચિત્તો (સ્નો લેપર્ડ), બારસિંગા (સ્વેમ્પ ડીયર), માકડું (રીહસસ મન્કી) અને સારસ (ક્રેન)

(D) લાયન ટેઈલ્ડ મકાક, નીલ ગાય, હનુમાન લંગુર અને ચીતલ

042. ઘાસના મેદાનોમાં ઈકોલોજીકલ ઉત્તરાધિકાર (ecological succession) ના ભાગ તરીકે વૃક્ષો ......... ના કારણે ઘાસનું સ્થાન લેતાં નથી.

(A) જંતુઓ અને ફૂગ

(B) મર્યાદિત સૂર્યપ્રકાશ અને પોષક તત્ત્વોની અછત

(C) પાણીની મર્યાદા અને આગ

(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

043. નીચેના પૈકી કયા પરિસ્થિતિતંત્ર (ecosystems) માં ખાદ્યશૃંખલા (foodchain)માં બાયોમાસ (Biomass) નો ઉંધો પિરામિડ જોવા મળે છે ?

(A) વન  (B) દરિયાઈ

(C) ઘાસના મેદાનો  (D) ટુંડ્ર

044. ભારતમાં જંગલોનું પ્રતિનિધિત્વ આશરે .......... છે.

(A) 33%  (B) 17%

(C) 29%  (D) 23%

045. નીચેના પૈકી કયા સૂક્ષ્મજીવોનો જંતુનાશક તરીકે ઉપયોગ કરી શકાય છે ?

(A) બેક્ટેરિયા  (B) ફૂગ

(C) વાઈરસ  (D) ઉપરોક્ત તમામ



MaruGujarat.net

MaruGujarat.net

Scanned with CamScanner

046. ભારત સરકાર કૃષિમાં "નીમ કોટેડ યુરિયા"ના ઉપયોગને શા કારણે પ્રોત્સાહન આપે છે ?

(A) જમીનમાં લીમડાના તેલના જવાથી જમીનના સૂક્ષ્મજીવો દ્વારા નાઈટ્રોજન ફીક્સેસન (nitrogen fixation) વધે છે.

(B) 'નીમ કોટીંગ' જમીનમાં યુરિયા વિસર્જનના દરને ઓછો કરે છે.

(C) પાક દ્વારા વાતાવરણમાં નાઈટ્રસ ઓક્સાઈડ, કે જે એક ગ્રીનહાઉસ વાયુ છે, બિલકુલ છોડાતો નથી.

(D) નીમ કોટેડ યુરિયા ચોક્કસ પાક માટેનું ઘાસ-નીંદણનાશક દવા (weedicide) અને ખાતરનું સંયોજન છે.

047. નીચેના પૈકી કયું મુખ્યમંત્રીના દશ મુદ્દા કાર્યક્રમનો ભાગ નથી ?

(A) શહેરી વિકાસ

(B) તમામ માટે આવાસ

(C) તમામ હવામાન માટેના રસ્તાઓ

(D) તમામ માટે ખેતીની જમીન

048. નીચેના પૈકી કયું / કયા વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) ગુજરાતમાં "વિદ્યાલક્ષ્મી બોન્ડ" યોજના વાલીઓને તેમની દિકરીઓને શાળાએ જવા અને તેને ઓછામાં ઓછું પ્રાથમિક કક્ષા સુધીનું શિક્ષણ પૂરું પાડવા માટે પ્રોત્સાહિત કરે છે.

(B) ગુજરાતમાં "વિદ્યાદીપ" વીમા યોજના પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના આકસ્મિક મૃત્યુ માટે રૂા. બે લાખનો સુરક્ષા વીમો પૂરો પાડે છે.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) બંને પૈકી કોઈ નહીં

049. પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) વીમો ઉતરાવેલ વ્યક્તિના મૃત્યુના કિસ્સામાં આ યોજના હેઠળ જોખમનું કવરેજ રૂા. બે લાખ છે.

(B) તે 8 થી 60 વર્ષ વચ્ચેના વયજૂથ માટે ઉપલબ્ધ છે.

(C) વાર્ષિક પ્રિમિયમ રૂા. 1000 છે અને તેને દર વર્ષે રીન્યુ કરી શકાય છે.

(D) ઉપરોક્ત તમામ

050. નીચેના પૈકી કઈ યોજના "એક જિલ્લો, એક ઉત્પાદન" (One District, One Product) સાથે સંકળાયેલી છે ?

(A) પ્રાઈમ મિનિસ્ટર - ફોર્મલાઈઝેશન ઓફ માઈક્રો ફુડ પ્રોસેસિંગ એન્ટરપ્રાઈઝીસ (PM-FME)

(B) પ્રોડક્શન-લીન્કડ ઈન્સેન્ટીવ સ્કીમ (PLI)

(C) પ્રધાનમંત્રી આદર્શ ગ્રામ યોજના (PMAGY)

(D) પ્રધાનમંત્રી કિસાન સંપદા યોજના (PMKSY)

051. નીચેના પૈકી કયું વિસ્ફોટક તરીકે વપરાય છે ?

(A) ફોસ્ફરસ ટ્રાયક્લોરાઈડ

(B) મરક્યુરીક ઓક્સાઈડ

(C) ગ્રેફાઈટ

(D) નાઈટ્રોગ્લિસરીન



MaruGujarat.net
MaruGujarat.net
Scanned with CamScanner

052. નીચેના પૈકી ધાતુની કઈ જોડી સૌથી ભારે ધાતુ અને સૌથી હલકી ધાતુ દર્શાવે છે ?

(A) લિથિયમ અને પારો (મરક્યુરી)
(B) લિથિયમ અને ઓસ્મિયમ
(C) એલ્યુમિનિયમ અને ઓસ્મિયમ
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

053. નીચેના પૈકી કઈ પાક સુધાર તકનીક સેલ્યુલર ટોટીપોટેન્સીના ખ્યાલ ઉપર આધારીત છે ?

(A) કલમ બનાવવી (Grafting)
(B) ટીશ્યુ કલ્ચર
(C) સ્તરીકરણ (Layering)
(D) વર્ણસંકરીકરણ (Hybridization)

054. ઠંડા પ્રદેશોમાં શિયાળા દરમ્યાન બરફવાળા રસ્તાઓ પરના બરફને પીગળાવવા માટે નીચેના પૈકી કોનો ઉપયોગ કરવામાં આવે છે ?

(A) ક્લોરીન
(B) કાર્બન ડાયોક્સાઈડ
(C) મીઠું
(D) પાણી

055. 1793 ના ચાર્ટર અધિનિયમ બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) તેનાથી ગવર્નર જનરલની સત્તામાં ઘટાડો થયો.
(B) તેણે બીજા 20 વર્ષના સમયગાળા માટે ભારતમાં કંપનીનો વેપાર એકાધિકાર (trade monopoly) લંબાવી આપ્યો.
(C) તેણે કંપનીના પ્રદેશો ઉપર બ્રિટીશ તાજનું સાર્વભૌમત્વ પ્રસ્થાપિત કર્યું.
(D) ઉપરોક્ત તમામ

056. ગવર્નમેન્ટ ઓફ ઈન્ડીયા એક્ટ 1935 બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) તેણે પ્રાન્તો અને દેશી રજવાડાઓનો સમાવેશ કરતા અખિલ ભારત ફેડરેશનની સ્થાપના માટેની જોગવાઈ કરી.
(B) આ અધિનિયમે પ્રાન્તીય સ્વાયત્તતાની શરૂઆત કરી.
(C) (A) અને (B) બંને
(D) (A) અને (B) બંને પૈકી કોઈ નહીં

057. ભારતીય બંધારણમાં બિનસાંપ્રદાયિકતા બાબતે નીચેના પૈકી કયું / કયા વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) બિનસાંપ્રદાયિકતાની પશ્ચિમી વિભાવના રાજ્ય અને ધર્મ વચ્ચે સંપૂર્ણ અલગતા દર્શાવે છે.
(B) ભારતીય બંધારણે બિનસાંપ્રદાયિકતાના ખ્યાલને હકારાત્મક રીતે મૂર્તિમંત કર્યો છે.
(C) રાજ્ય દ્વારા નિભાવવામાં આવતી શૈક્ષણિક સંસ્થાઓમાં કોઈ ધાર્મિક સૂચનાઓ આપવામાં નહીં આવે.
(D) ઉપરોક્ત તમામ

058. આમુખ ઉપર સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓની નીચેના પૈકી કઈ જોડી / જોડીઓ સાચી રીતે જોડાયેલી છે ?

(A) કેશવાનંદ ભારતી કેસ – આમુખ બંધારણનો ભાગ છે.
(B) બેરૂબારી કેસ – આમુખ બંધારણનો ભાગ છે.
(C) (A) અને (B) બંને
(D) (A) અને (B) બંને પૈકી કોઈ નહીં



MaruGujarat.net
MaruGujarat.net
Scanned with CamScanner

059. ભારતના પ્રદેશો બાબતે નીચેના પૈકી કયું / કયા વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) સંસદ પોતાની મરજી મુજબ ભારતનો રાજકીય નકશો ફરીથી દોરી શકે છે.

(B) પ્રાદેશિક અખંડિતતાની અથવા તો કોઈપણ રાજ્યના અસ્તિત્વનું ચાલુ રહેવાની ખાત્રી બંધારણ દ્વારા આપવામાં આવી છે.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) બંને પૈકી કોઈ નહીં

060. નાણા વિધેયક બાબતે નીચેના પૈકી કયું વિધાન સાચું નથી ?

(A) નાણા વિધેયક રાજ્યસભામાં રજુ કરી શકાશે નહીં.

(B) તે લોકસભામાં પસાર થયા બાદ તે રાજ્યસભામાં મોકલી આપવામાં આવશે.

(C) રાજ્યસભા તેની ભલામણો સાથે 30 દિવસના સમયગાળામાં વિધેયકને પરત કરશે.

(D) જો લોકસભા રાજ્યસભાની કોઈપણ ભલામણોનો સ્વીકાર ના કરે તો નાણા વિધેયક પસાર થયેલું ગણાશે.

061. પર્યાવરણીય અસર આંકલન બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) પર્યાવરણીય અસર આંકલન પર્યાવરણ સંરક્ષણ અધિનિયમ હેઠળ લાવવામાં આવ્યું હતું.

(B) પર્યાવરણીય અસર આંકલન પર્યાવરણીય મૂલ્યાંકન સમિતિ દ્વારા કરવામાં આવે છે કે જે એક સ્વાયત્ત સંસ્થા છે.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) બંને પૈકી કોઈ નહીં

MaruGujarat.net

062. નીચેના પૈકી કોને ભારતના રાષ્ટ્રીય ધરોહર પ્રાણી તરીકે જાહેર કરવામાં આવ્યું છે ?

(A) હાથી
(B) વાઘ
(C) સિંહ
(D) ગાય

063. નીચેના પૈકી કયા કેસમાં સર્વોચ્ચ અદાલતે ભારતને સમવાયી રાજ્ય તરીકે જાહેર કર્યું છે ?

(A) એમ. સી. મહેતા વિ. યુનીયન ઓફ ઈન્ડીયા

(B) વિશાખા વિ. સ્ટેટ ઓફ રાજસ્થાન

(C) સ્ટેટ ઓફ બિહાર વિ. યુનીયન ઓફ ઈન્ડીયા

(D) એસ. આર. બોમ્માઈ વિ. યુનીયન ઓફ ઈન્ડીયા

064. સરીન વાયુ બાબતે સમાચાર ચેનલો પર ખાસ્સુ કવરેજ થયું હતું. તે .......... છે.

(A) જૈવિક શસ્ત્ર

(B) રાસાયણિક શસ્ત્ર

(C) પરમાણુ શસ્ત્ર

(D) હવાનું પ્રદૂષણ કરતા વાહનો દ્વારા છોડવામાં આવેલો વાયુ છે.



MaruGujarat.net

MaruGujarat.net

Scanned with CamScanner

MaruGujarat.net



065. NIC-CERT એટલે .....
(A) નેશનલ ઈન્ફોરમેટીક્સ સેન્ટર – કમ્પ્યુટર એક્સપર્ટ રીકવરી ટીમ
(B) નેશનલ ઈન્ફોટેક સેન્ટર – કમ્પ્યુટર એક્ઝામ રીસ્પોન્સ ટીમ
(C) નેશનલ ઈન્ફોરમેટીક્સ સેન્ટર – કમ્પ્યુટર ઈમરજન્સી રીસપોન્સ ટીમ
(D) નેશનલ ઈન્ફોરમેશન સેન્ટર – કમ્પ્યુટર ઈમરજન્સી રીકવરી ટીમ

066. વસ્તી ગણત્રી 2011 અનુસાર રાષ્ટ્રની કુલ વસ્તીમાં ગુજરાતની વસ્તીનો ફાળો કેટલો છે ?
(A) 4.53%
(B) 5.71%
(C) 4.99%
(D) 6.72%

067. NITI - આયોગ બાબતે નીચેના પૈકી કયું વિધાન સાચું નથી ?
(A) NITI - આયોગ કેન્દ્ર અને રાજ્યોને સંબંધિત તકનીકી સલાહ પૂરી પાડે છે.
(B) NITI - આયોગ રાષ્ટ્રીય હિતમાં રાજ્યોને એક સાથે કાર્ય કરવા માટે ભારત સરકારના સર્વોપરી મંચ તરીકે કામ કરે છે અને એ રીતે સહકારી સંઘવાદને પ્રોત્સાહન આપે છે.
(C) NITI - આયોગે પ્રથમ SDG - ભારત સૂચકાંક વિકસાવ્યો.
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

068. ભારતમાં માલ અને સેવા વેરો એ ઉપભોગ આધારીત ગંતવ્યસ્થાન બેવડી કર પધ્ધતિ છે જેમાં કેન્દ્ર અને રાજ્યો અથવા કેન્દ્રશાસિત પ્રદેશો પણ કર વહેંચણી કરે છે. આ બેવડી પધ્ધતિ .......... પાસેથી અપનાવવામાં આવી છે.
(A) કેનેડા
(B) ઓસ્ટ્રેલિયા
(C) જર્મની
(D) રશિયા

MaruGujarat.net

069. 1537 માં પોર્ટુગીઝે સૌરાષ્ટ્ર કાંઠે ગુજરાતનું .......... બંદર કબજે કર્યું.
(A) ખંભાત
(B) દીવ
(C) ભરૂચ
(D) રાંદેર

070. સોલંકી વંશ બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?
(A) સોલંકીઓ ચાલુક્યોમાંથી ઊતરી આવ્યા છે કે જેઓ 10મી થી 13મી સદી સુધી ભારતના પશ્ચિમ અને મધ્ય ભારતનાં ભાગોમાં રાજ કરતાં હતાં.
(B) મૂળરાજ-પહેલાએ ચાવડાઓને હરાવ્યાં અને અણહિલવાડ પાટણમાં સર્વોપરિતા સ્થાપી.
(C) (A) અને (B) બંને
(D) (A) અને (B) બંને પૈકી કોઈ નહીં

071. 73મા બંધારણીય સુધારા અધિનિયમ સંદર્ભે ગ્રામસભા .......... ની બનેલી હોય છે.
(A) પંચાયત હેઠળ ગામની તમામ પુખ્ત વસ્તી
(B) પંચાયત હેઠળના ગામની પાંચ વર્ષથી ઓછી વય ધરાવતા બાળકો સિવાયની તમામ વસ્તી
(C) પંચાયત હેઠળના ગામના નોંધાયેલ મતદારો
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં



MaruGujarat.net
MaruGujarat.net
Scanned with CamScanner

E

072. પંચાયતની ચૂંટણીઓ બાબતે નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?

(A) પંચાયતની ચૂંટણીમાં ઉમેદવારી કરવા માટે લઘુત્તમ વય 25 વર્ષ છે.

(B) પંચાયતોની ચૂંટણીઓ રાજ્યની સૌથી તાજેતરમાં થયેલી ચૂંટણી માટેની મતદારયાદીઓ અનુસાર યોજવામાં આવે છે.

(C) પંચાયતોના ત્રણેય સ્તરોના પ્રમુખો ચૂંટાયેલા સભ્યોમાંથી અને તેમના દ્વારા પરોક્ષ રીતે ચૂંટવામાં આવે છે.

(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

073. 73મો બંધારણીય સુધારા અધિનિયમ, 1992 કે જે દેશમાં પંચાયતી રાજની સંસ્થાઓને પ્રોત્સાહન આપવાનો ઉદ્દેશ ધરાવે છે, તે નીચેના પૈકી કોની જોગવાઈ કરે છે ?

(1) ગ્રામ પંચાયત (2) નગર પંચાયત (3) બ્લોક સમિતિ

(A) ફક્ત 1

(B) ફક્ત 1 અને 3

(C) ફક્ત 2 અને 3

(D) 1, 2 અને 3

074. પંચાયતી રાજ બાબતે 73મા બંધારણીય સુધારા અધિનિયમ દ્વારા નીચેના પૈકી કઈ ભલામણ કરવામાં આવી ન હતી ?

(A) તમામ ચૂંટાયેલી ગ્રામીણ સંસ્થાઓમાં તમામ સ્તરે મહિલા ઉમેદવારો માટે 33% બેઠકો આરક્ષિત રહેશે.

(B) પંચાયતી રાજની સંસ્થાઓને સંસાધનો ફાળવવા માટે રાજ્યો તેમના નાણા આયોગોની રચના કરશે.

(C) જો પંચાયતી રાજના ચૂંટાયેલા કાર્યકારીઓ બે કરતાં વધુ બાળકો ધરાવતા હશે તો તેઓ હોદ્દો ધરાવવા માટે ગેરલાયક થશે.

(D) જો પંચાયતી રાજની સંસ્થાને રાજ્યસરકાર દ્વારા રદ (superseded) અથવા વિસર્જન (dissolved) કરવામાં આવે તો છ મહીનાના સમયગાળામાં ચૂંટણીઓ યોજવામાં આવશે.

075. 73મા બંધારણીય સુધારા અધિનિયમ હેઠળ નીચેના પૈકી કઈ રાજ્ય સરકારો દ્વારા અનુસરવાની થતી ફરજીયાત જોગવાઈ નથી ?

(A) પંચાયતોમાં મહિલાઓ માટે એક તૃતીયાંશ બેઠકોનું આરક્ષણ

(B) આર્થિક વિકાસ અને સામાજિક ન્યાય માટેની યોજનાઓ તૈયાર કરવા માટે પંચાયતોને સત્તા સોંપવી

(C) સંસદ અને રાજ્ય વિધાનસભાઓ માટેની લઘુત્તમ વય 25 વર્ષને બદલે પંચાયતોની ચૂંટણીઓમાં ઉમેદવારી કરવા માટેની લઘુત્તમ વય 21 વર્ષ

(D) દર 5 વર્ષે રાજ્ય નાણા આયોગનું ગઠન

076. જિલ્લા આયોજન સમિતિઓ (DPCs) બાબતે નીચેના પૈકી કયું વિધાન સાચું નથી ?

(A) DPCs ની સ્થાપના 73મા સુધારા અધિનિયમની જોગવાઈઓ હેઠળ કરવામાં આવી છે.

(B) રાજ્ય સરકારો માટે DPCs સ્થાપના કરવી ફરજીયાત છે.

(C) શહેરી વિસ્તાર મ્યુનિસિપલ આયોજન સમિતિ ધરાવતું હોવા છતાં DPCs એ શહેરી તેમજ ગ્રામિણ બંને વિસ્તારો માટે આયોજન હાથ ધરવાનું રહે છે.

(D) DPCs ના ચાર પંચમાંશ (4/5) જેટલા સભ્યો પંચાયતો અને નગરપાલિકાઓના સભ્યોમાંથી ચૂંટાય છે.



MaruGujarat.net
MaruGujarat.net
Scanned with CamScanner

E

077. સ્વચ્છ ભારત મિશન (ગ્રામિણ) કાર્યક્રમ કયા મંત્રાલય હેઠળ આવે છે ?

(A) પંચાયતી રાજ મંત્રાલય

(B) પેય જળ અને સ્વચ્છતા મંત્રાલય

(C) મહિલા અને બાળવિકાસ મંત્રાલય

(D) ગ્રામિણ વિકાસ મંત્રાલય

078. કચરો વ્યવસ્થાપન (વેસ્ટ મેનેજમેન્ટ)ની તકનીકો બાબતે, 'પેલેટાઈઝેશન' (Palletisation) એટલે .....

(A) ઢોળાયેલા તેલનો ઉપભોગ કરવા માટે સૂક્ષ્મસજીવોની ઉમેરવાની પ્રક્રિયા

(B) RDF નું ઉત્પાદન કરવા માટે મ્યુનિસિપલ કચરાનું પ્રોસેસિંગ

(C) અવાયવીય (એનારોબિક) પરિસ્થિતિઓમાં કાર્બનિક પદાર્થોનું રિસાયકલિંગ કરવાની પ્રક્રિયા

(D) જમીનના ઉપરના ભાગ ઉપરથી ઝેરી સ્તરને દૂર કરવું.

079. રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ ભંડોળ (નેશનલ ડીઝાસ્ટર રીસ્પોન્સ ફંડ) બાબતે નીચેના પૈકી કયું / કયા વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) આ ભંડોળની સ્થાપના રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ, 2005 હેઠળ કરવામાં આવી છે.

(B) આ ભંડોળમાં કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા 90 : 10 ના ગુણોત્તરમાં અનુક્રમે ફાળો આપવામાં આવે છે.

(C) આ ભંડોળમાંથી થતા ખર્ચને સંસદની મંજૂરી જરૂરી છે.

(D) ઉપરોક્ત તમામ

MaruGujarat.net

080. આપદા મિત્ર યોજના બાબતે નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?

(A) આ 2016 માં કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી યોજના છે.

(B) આ યોજના હેઠળ કુલ 500 જિલ્લાઓને માન્ય કરવામાં આવ્યા છે.

(C) 'આપદા મિત્રો'ને પ્રતિ માહ રૂા. 5000 ચૂકવવામાં આવશે.

(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

081. નીચેનામાંથી કયા સર્જકને 'નર્મદ ચંદ્રક' મળેલ છે ?

(A) હેમંત દેસાઈ
(B) પ્રિયકાન્ત મણિયાર
(C) રમેશ પારેખ
(D) બાલમુકુન્દ દવે

082. ચુનીલાલ મડિયાની કઈ વાર્તામાં પશુ કેન્દ્રસ્થાને છે ?

(A) વાની મારી કોયલ
(B) જીવદયા
(C) કમાઉ દીકરો
(D) મેના-પોપટ



MaruGujarat.net
MaruGujarat.net
Scanned with CamScanner

E

083. નીચેની કાવ્યપંક્તિઓને એના કવિ સાથે જોડો.

(1) મારી બંસીમાં બોલ બે વગાડી તું જા — (1) ભાલણ

(2) હંસનું કહ્યું અવરથા ગયું નળનાથનું વરવું રહ્યું — (2) જલન માતરી

(3) શ્રદ્ધાનો હો વિષય તો પુરાવાની શી જરૂર — (3) હરીન્દ્ર દવે

(4) નાવિક વળતો બોલિયો — (4) સુન્દરમ્

(5) પ્રેમાનંદ

(A) 1 - 2, 2 - 3, 3 - 4, 4 - 5
(B) 1 - 5, 2 - 4, 3 - 2, 4 - 1
(C) 1 - 4, 2 - 5, 3 - 2, 4 - 1
(D) 1 - 4, 2 - 1, 3 - 2, 4 - 5

084. નીચેનામાંથી કયા શબ્દમાં સ્વરસંધિ થશે ?

(A) નિસ્તેજ
(B) ઉજ્જવલ
(C) નયન
(D) નિરાકાર

085. રામનારાયણ પાઠકે કયા ઉપનામે કાવ્યો લખ્યાં છે ?

(A) દ્વિરેફ
(B) સ્વૈરવિહારી
(C) ગગનવિહારી
(D) શેષ

086. નીચેનાં પાત્રોને કૃતિ સાથે યોગ્ય રીતે જોડો.

(1) હિરા - મણિભાઈ — (1) ભવોભવ

(2) જીવી - કાનજી — (2) ઝેર તો પીધાં છે જાણી જાણી

(3) રોહિણી - સત્યકામ — (3) માણ્માના માણસ

(4) જાનબાઈ - દેવાયત — (4) મળેલા જીવ

(5) માનવીની ભવાઈ

(A) 1 - 5, 2 - 3, 3 - 2, 4 - 1
(B) 1 - 2, 2 - 3, 3 - 4, 4 - 5
(C) 1 - 4, 2 - 1, 3 - 5, 4 - 2
(D) 1 - 3, 2 - 4, 3 - 2, 4 - 1

087. રૂઢિપ્રયોગનો અર્થ શોધો. – 'છાણાં થાપવાં'

(A) ખૂબ સતાવવું
(B) છાણ ભેગું કરવું
(C) બળતણ બનાવવું
(D) પ્રસિદ્ધિ મેળવવી

088. નીચેના શબ્દોમાં જુદો પડતો શબ્દ શોધો.

(A) હુતાશન
(B) અગ્નિ
(C) પાવક
(D) અનિલ



MaruGujarat.net
MaruGujarat.net
Scanned with CamScanner
MaruGujarat.net

089. નીચેના શબ્દજૂથોમાં કયું જૂથ શબ્દકોશનો ક્રમ જાળવતું નથી ?

(A) કમળ, કતાન, ક્રમ, ક્વચિત
(B) તરંગ, તારક, તારંગા, તોરણ
(C) પતંગ, પ્રતાપ, પારકા, પોતીકું
(D) સસલું, સોનલ, સૌજન્ય, સૌરભ

090. નીચેની ઉક્તિ/કાવ્ય પંક્તિ સાથે તેના સર્જકને જોડો.

(1) લજ્જા નમેલું નિજ મંદ પોપચું, કો મુગ્ધ બાલા શરમાતી આવરે — (1) ધૂમકેતુ
(2) માણસ પોતાની દૃષ્ટિ છોડી બીજાની દૃષ્ટિથી જુએ તો... — (2) ન્હાનાલાલ
(3) લ્યો કરું કોશિશ ને ફાવે તો કહું — (3) બ. ક. ઠાકોર
(4) નિશાનચૂક માફ, નહીં માફ નીચું નિશાન — (4) મનોજ ખંડેરિયા

(A) 1 - 2, 2 - 3, 3 - 4, 4 - 1
(B) 1 - 2, 2 - 1, 3 - 4, 4 - 3
(C) 1 - 3, 2 - 4, 3 - 2, 4 - 1
(D) 1 - 4, 2 - 1, 3 - 2, 4 - 2

091. નીચેનામાંથી કયો વર્ણ મૂર્ધન્યવર્ગીય છે ?

(A) ક
(B) છ
(C) ઠ
(D) દ

092. નીચેના વિકલ્પોમાંથી કઈ સંજ્ઞા અવિકારી છે ?

MaruGujarat.net

(A) સસલું
(B) ચીકુ
(C) ટમેટું
(D) ઘેટું

093. નીચેનાં કાવ્યોને એના કવિ સાથે જોડો.

(1) ઈસુની છબી ટિંગાડતાં — (1) નિરંજન ભગત
(2) થોડો વગડાનો શ્વાસ — (2) હસમુખ પાઠક
(3) મુંબઈ નગરી — (3) ઉશનસ્
(4) એટલો — (4) જયંત પાઠક

(A) 1 - 3, 2 - 4, 3 - 1, 4 - 2
(B) 1 - 4, 2 - 3, 3 - 1, 4 - 2
(C) 1 - 2, 2 - 1, 3 - 2, 4 - 3
(D) 1 - 4, 2 - 3, 3 - 1, 4 - 1

094. નીચેનામાંથી કયો 'નિર્દય' શબ્દનો સંધિ વિગ્રહ છે ?

(A) નિઃ + દય
(B) નિસ + દય
(C) નિર + દય
(D) નિશ + દય



MaruGujarat.net
MaruGujarat.net
Scanned with CamScanner

E

095. નીચેનામાંથી કોણ સ્વતંત્ર રીતે 'જ્ઞાનપીઠ' પુરસ્કાર વિજેતા નથી ?

(A) પન્નાલાલ પટેલ
(B) ઉમાશંકર જોશી
(C) રાજેન્દ્ર શાહ
(D) રઘુવીર ચૌધરી

096. નીચેનામાંથી કયું વિધાન સાચું નથી ?

(A) મોંઘા ફળ ખાવા ન પાલવે
(B) મોઘા ફળ ખાવાં ન પાલવે
(C) મોંઘાં ફળ ખાવાં ન પાલવે
(D) મોંઘા ફળ ખાવા ન પાલવે

097. નીચેના સર્જકોને તેની સાથે જોડાઈ ગયેલા સાહિત્ય સ્વરૂપ સામે મૂકો.

(1) દયારામ — (1) વાર્તા
(2) પીરો — (2) ગરબી
(3) ધૂમકેતુ — (3) હાઈકુ
(4) સ્નેહરશ્મિ — (4) કાફી

(A) 1 - 4, 2 - 1, 3 - 2, 4 - 3
(B) 1 - 3, 2 - 4, 3 - 1, 4 - 2
(C) 1 - 2, 2 - 4, 3 - 1, 4 - 3
(D) 1 - 4, 2 - 3, 3 - 2, 4 - 1

098. નીચેના વાક્યમાં કૃદંત કયો છે ?

'ગાજ્યા મેહ વરસે નહીં'

(A) ગાજ્યા
(B) મેહ
(C) વરસે
(D) નહીં

099. નીચેનામાંથી કયા સર્જકનું જન્મશતાબ્દી વર્ષ ચાલે છે ?

(A) લાભશંકર ઠાકર
(B) રાજેન્દ્ર શાહ
(C) ચુનીલાલ મડિયા
(D) ઉમાશંકર જોશી

100. નીચેના શબ્દોમાં કઈ જોડણી સાચી છે ?

(A) નિમણૂંક
(B) નિમણૂક
(C) નીમણુક
(D) નિમણુક

101. 'મધુર સમય તેવે ખેતરે શેલડીના' પંક્તિમાં કયો છંદ છે ?

(A) વસંતતિલકા
(B) તોટક
(C) માલિની
(D) હરિણી



MaruGujarat.net
MaruGujarat.net
Scanned with CamScanner

MaruGujarat.net

E

102. 'લાંઠી કરવી' રૂઢિપ્રયોગનો અર્થ કયો ?

(A) ચકિત થઈ જવું
(B) નકલ કરવી
(C) મજાક કરવી
(D) લાકડી ઉગામવી

103. ઉમાશંકર જોશીએ કોની કવિતાને 'ત્રીજા નેત્રની પ્રસાદી' કહી છે ?

(A) અખા
(B) પ્રહ્લાદ પારેખ
(C) રાજેન્દ્ર શાહ
(D) નિરંજન ભગત

104. 'અટાણે' તળપદા શબ્દનું શિષ્ટરૂપ કયું ?

(A) આજે
(B) અત્યારે
(C) અટારીએ
(D) ખરીદી

105. 'ફક્ત બે જણને જ આવવાનું છે ને, બહેનજી કહો તો.' વાક્યમાં સીમાવાચક નિપાત કયો ?

(A) ને
(B) જ
(C) ફક્ત
(D) તો

106. 'હુકમ માલિક' કૃતિનું સાહિત્ય સ્વરૂપ કયું છે ?

(A) દ્વિઅંકી
(B) એકાંકી
(C) પદ્યનાટક
(D) બાળવાર્તા

107. નીચેનામાંથી 'પતીજ' શબ્દનો સમાનાર્થી કયો નથી ?

(A) ધોખો
(B) ભરોસો
(C) એતબાર
(D) વિશ્વાસ

108. 'હું પત્ર લખું છું' વિધાનનું પ્રેરક વિધાન કયું ?

(A) હું પત્ર લખાવડાવું છું
(B) હું પત્ર લખાવીશ
(C) મારાથી પત્ર લખાશે
(D) હું પત્ર લખાવું છું



MaruGujarat.net
MaruGujarat.net
Scanned with CamScanner

E

109. નીચેની કાવ્ય પંક્તિઓની સામે કાવ્યોનાં નામ મૂકો.

| | |
|---|---|
| (1) વ્હાલા તારાં વેણ સ્વપ્નમાં પણ સાંભરે | (1) જૂનું ઘર ખાલી કરતાં |
| (2) વાગી તીણી સજલ દગમાં કાચ કેરી કણિકા | (2) ભરતી |
| (3) મરમે ભરતી ડગ જેમ જળમાં બગ | (3) ગ્રામમાતા |
| (4) ઊગે છે સુરખી ભરી રવિ મૃદુ હેમંતનો.. | (4) ફારબસવિલાસ |
| | (5) ચંદ્રહાસાખ્યાન |

(A) 1 - 3, 2 - 4, 3 - 2, 4 - 1
(B) 1 - 4, 2 - 3, 3 - 1, 4 - 2
(C) 1 - 4, 2 - 1, 3 - 5, 4 - 3
(D) 1 - 2, 2 - 3, 3 - 4, 4 - 5

110. 'બોબડી બેય ચૂકી' કહેવતનો અર્થ આપો.

(A) એક સાથે બે કામ ન થાય
(B) એકેય પક્ષે લાભ ન થવો
(C) વાણી અને વર્તન જુદાં હોવાં
(D) દુર્જન મીઠું બોલે

111. લોપચિહ્નનો ઉપયોગ ક્યારે થાય ?

(A) શબ્દને તોડ્યો હોય
(B) શબ્દને જોડ્યો હોય
(C) શબ્દને ટૂંકાવ્યો હોય
(D) શબ્દને લંબાવ્યો હોય

112. કયા સર્જકને 'યુગમૂર્તિ વાર્તાકાર'નું બિરુદ મળેલ છે ?

(A) ઝવેરચંદ મેઘાણી
(B) ધૂમકેતુ
(C) ર. વ. દેસાઈ
(D) પન્નાલાલ પટેલ

113. નીચેનાં કાવ્યોમાંથી 'સોનેટ' કાવ્ય કયું છે ?

(A) આનંદ શો અમિત
(B) ઉદ્યોન્મુખ નૌજવાનને
(C) એટલો
(D) શરદ

114. 'સંસારના વ્યવહારની રીત' શબ્દસમૂહ માટે એક શબ્દ કયો ?

(A) વ્યાવહારિકતા
(B) પરોપકાર
(C) સંસારવાદ
(D) દુનિયાદારી



MaruGujarat.net
MaruGujarat.net
MaruGujarat.net
Scanned with CamScanner

115. નીચેના સામયિકોને યોગ્ય સંસ્થા સાથે જોડો.

| | |
|---|---|
| (1) બુદ્ધિપ્રકાશ | (1) ભારતીય વિદ્યાભવન |
| (2) પરબ | (2) ગુજરાત સાહિત્ય અકાદમી |
| (3) શબ્દસૃષ્ટિ | (3) ગુજરાત વિદ્યાસભા |
| (4) નવનીત સમર્પણ | (4) ગુજરાતી સાહિત્ય પરિષદ |

(A) 1 - 3, 2 - 4, 3 - 2, 4 - 1

(B) 1 - 2, 2 - 1, 3 - 4, 4 - 3

(C) 1 - 4, 2 - 3, 3 - 1, 4 - 2

(D) 1 - 4, 2 - 3, 3 - 2, 4 - 1

116. નીચેના શબ્દોમાંથી અશુદ્ધ શબ્દ શોધો.

(A) જલદી
(B) કિલ્લોલ
(C) જિલ્લો
(D) પથ્થર

117. 'વિદ્યાલય' શબ્દમાં કયો જોડાક્ષર છે ?

(A) ય + ય
(B) દ્ + ય
(C) ય્ + ય
(D) દ + ય

વિદ્યા + આલય
આ + આ
વિ-
દ્ + ય + આ

118. નીચેની પંક્તિઓમાં કઈ પંક્તિમાં 'સ્રગ્ધરા' છંદ છે ?

(A) ચોપાસે વલ્લિઓથી પરિમલ પ્રસરે, નેત્રને તૃપ્તિ થાય
(B) વિરાટ વણજાર આ યુગ તણી જતી ક્યાં હશે
(C) સ્વપ્નમાં યે ન સૂઝેલી, માનેલી મનથી નહીં
(D) બપોરી વેળાનું હરિતવરણું ખેતર ચડ્યું

શાર્દૂલવિક્રીડિત - 19
મંદાક્રાન્તા - 21
સ્રગ્ધરા - 16, 15 = 31

119. 'હોશિયાર વિદ્યાર્થી નિયમિત ઘરકામ કરે છે' વિધાનમાં ક્રિયા વિશેષણ કયું ?

(A) હોશિયાર
(B) નિયમિત
(C) કરે છે
(D) પોતાનું



MaruGujarat.net
MaruGujarat.net
Scanned with CamScanner
MaruGujarat.net

E

120. નીચેની કૃતિઓને એના સ્વરૂપ સાથે જોડો.

(1) હંસાઉલી — (1) નવલકથા
(2) મિથ્યાભિમાન — (2) કાવ્ય
(3) દરિયાલાલ — (3) નિબંધ
(4) નિશીથ — (4) પદ્યવાર્તા
(5) નાટક

(A) 1 - 2, 2 - 4, 3 - 5, 4 - 1
(B) 1 - 3, 2 - 4, 3 - 2, 4 - 1
(C) 1 - 5, 2 - 3, 3 - 4, 4 - 2
(D) 1 - 4, 2 - 5, 3 - 1, 4 - 2

121. નીચેની કૃતિઓ સામે તેના સર્જકને મૂકો.

(1) રણયજ્ઞ — (1) શામળ
(2) મદનમોહના — (2) અસાઈત
(3) રસિકવલ્લભ — (3) પ્રેમાનંદ
(4) ભવાઈવેશો — (4) દયારામ

(A) 1 - 3, 2 - 1, 3 - 4, 4 - 2
(B) 1 - 3, 2 - 4, 3 - 2, 4 - 1
(C) 1 - 4, 2 - 3, 3 - 1, 4 - 2
(D) 1 - 2, 2 - 4, 3 - 1, 4 - 3

122. નીચેનામાંથી કયો શબ્દ વૈકલ્પિક દ્વન્દ્વ સમાસનું ઉદાહરણ છે ?

(A) ફળફૂલ
(B) ગોળધાણા
(C) આવજા
(D) સાચુંજૂઠું

123. નીચેનામાંથી કયું જૂથ 'રણજિતરામ સુવર્ણચંદ્રક' વિજેતા છે ?

(A) વિદ્યાગૌરી નીલકંઠ, કનૈયાલાલ મુનશી
(B) ગોવર્ધનરામ ત્રિપાઠી, ગાંધીજી
(C) સુરેશ જોષી, ચુનીલાલ મડિયા
(D) કમળાશંકર ત્રિવેદી, રમણભાઈ નીલકંઠ

124. નીચેના સર્જકોને એમની કૃતિ સામે ગોઠવો.

(1) જીભ — (1) વસુબેન પટેલ
(2) જમાના પ્રમાણે — (2) આનંદશંકર ધ્રુવ
(3) માત્માના માણસ — (3) ઉમાશંકર જોશી
(4) ઈશ્વર સર્વવ્યાપી — (4) જ્યોતીન્દ્ર દવે
(5) ધીરુબહેન પટેલ

(A) 1 - 4, 2 - 1, 3 - 5, 4 - 2
(B) 1 - 2, 2 - 5, 3 - 4, 4 - 1
(C) 1 - 5, 2 - 4, 3 - 1, 4 - 2
(D) 1 - 3, 2 - 1, 3 - 4, 4 - 5



MaruGujarat.net
MaruGujarat.net
Scanned with CamScanner

125. નીચેનામાંથી જુદી પડતી કહેવત કઈ ?

(A) શ્રમ વિના પ્રારબ્ધ પાંગળું

(B) પારકી આશ સદા નિરાશ

(C) કરે ચાકરી તે પામે ભાખરી

(D) ફરે તે ચરે બાંધ્યું ભૂખે મરે

126. નીચેના સર્જકોને એમના મુખ્ય પ્રદાનને આધારે ગોઠવો.

(1) મધુરાય
(2) મનોજ ખંડેરિયા
(3) શિરીષ પંચાલ
(4) રઘુવીર ચૌધરી

(1) વિવેચક
(2) નવલકથાકાર
(3) વાર્તાકાર
(4) સંપાદક
(5) કવિ

(A) 1 - 3, 2 - 4, 3 - 2, 4 - 1

(B) 1 - 3, 2 - 5, 3 - 1, 4 - 2

(C) 1 - 4, 2 - 1, 3 - 5, 4 - 3

(D) 1 - 2, 2 - 3, 3 - 4, 4 - 5

127. નીચેની પંક્તિઓમાં 'અપહ્નુતિ' અલંકારનું ઉદાહરણ કયું ?

(A) કમળથી કોમળુ રે બ્હેની ! અંગ છે એનું

(B) અપમાનિત અપયશવતી તું, તો ય મા તે મા

(C) ન શહેર આ, વિરાટ કો વ્યથા

(D) માડીનો મેઘ બારે માસ

128. યુગ પ્રમાણે સર્જકોને ગોઠવો.

(1) મધ્યકાળ
(2) સુધારક યુગ
(3) પંડિત યુગ
(4) ગાંધી યુગ

(1) નવલરામ ત્રિવેદી
(2) સુન્દરમ્
(3) નર્મદ
(4) રાજેન્દ્ર શુક્લ
(5) ભાલણ

(A) 1 - 5, 2 - 3, 3 - 1, 4 - 2

(B) 1 - 4, 2 - 3, 3 - 1, 4 - 2

(C) 1 - 5, 2 - 2, 3 - 4, 4 - 1

(D) 1 - 2, 2 - 3, 3 - 4, 4 - 1

129. 'દર્શક'નું નાટક 'ગૃહારણ્ય' કયા સર્જકના જીવન પર આધારિત છે ?

(A) સોક્રેટિસ

(B) દોસ્તોયેવ્સ્કી

(C) ટોલ્સટોય

(D) વિક્ટર હ્યુગો

130. 'કાળી કાળી વાદળીમાં વિજળી ઝબૂકે' પંક્તિમાં કયો અલંકાર છે ?

(A) વર્ણસગાઈ

(B) યમક

(C) અંત્યાનુપ્રાસ

(D) અર્થાન્તરન્યાસ



MaruGujarat.net
MaruGujarat.net
Scanned with CamScanner
MaruGujarat.net

E

131. I am not going _____. I don't like this town. There is _____ to go.

(A) nowhere, anywhere

(B) somewhere, elsewhere

(C) anywhere, nowhere

(D) nowhere, nowhere

132. Do you know the reason _____ his absence?

(A) of

(B) on

(C) for

(D) None of the above

133. The mother was concerned _____ the safety of her child.

(A) at

(B) about

(C) for

(D) upon

134. Despite the material donations from the local shops, the school still needs _____ more equipment such as video players, cassette players and computers.

(A) a few

(B) many

(C) some

(D) no

135. There is _____ information available on recycling, but unfortunately, little of _____ is known by ordinary people.

(A) a lot of, it

(B) plenty of, them

(C) several, its

(D) much, theirs

136. I've seen _____ of his work to know that he's ready for a promotion.

(A) a number

(B) a few

(C) several

(D) enough

137. She is fed up with sharing a house with others; _____, she is looking for her own flat.

(A) moreover

(B) therefore

(C) however

(D) although

138. He is not leaving the company because he is not happy there; _____ he has enjoyed working there, but he has other reasons.

(A) on the other hand

(B) as a result

(C) however

(D) on the contrary



MaruGujarat.net

MaruGujarat.net

Scanned with CamScanner

139. The terrorist group is known _____ an extensive supply of weapons.

(A) to have
(B) having
(C) having had
(D) have had

140. I was surprised at the low level of service offered by them as I had believed them _____ a respected company.

(A) be
(B) to be
(C) having been
(D) have been

141. This book is _____ entertaining _____ informative, so I definitely recommend it to you.

(A) both, and
(B) either, or
(C) so, that
(D) neither, nor

142. The police are determined to find the culprits _____ long it may take to trace them.

(A) in spite of
(B) however
(C) even if
(D) the more

143. _____ her illness leaving her very weak at times, she tries to derive pleasure from life.

(A) Despite
(B) Whereas
(C) Although
(D) However

144. She not only gave us a fine dinner _____ drove us back home.

(A) but
(B) but also
(C) also
(D) also but

145. The tailor said to him, "Will you have the suit ready by tomorrow evening?" *(Change the speech)*

(A) The tailor asked him that he will have the suit ready by the next evening.
(B) The tailor asked him that he would had the suit ready by the next evening.
(C) The tailor asked him if he would have the suit ready by the next evening.
(D) The tailor asked him if he will like to the suit ready by the next evening.

146. He told her, "I want to meet your father."

(A) He told her that I want to meet your father.
(B) He told her that he wanted to meet her father.
(C) He told her that he wanted to meet your father.
(D) He told her that she wanted to meet her father.



MaruGujarat.net
MaruGujarat.net
Scanned with CamScanner
MaruGujarat.net

**E**

147. The sweetly flowing tones of the flute succeeded in _____ his tense nerves.

(A) exploring
(B) purifying
(C) disturbing
(D) soothing

148. The bomb might have _____ if the children had tried to move it.

(A) shaped up
(B) drained out
(C) burst in
(D) blown up

149. We are no happier _____ average incomes have more than doubled since 1950.

(A) in case
(B) in view of
(C) even though
(D) in that

150. You _____ so envious of your brother. He is successful because, unlike you, he works extremely hard.

(A) haven't been
(B) won't be
(C) weren't
(D) shouldn't be

151. I wouldn't allow _____ child of mine to be treated in that way.

(A) a
(B) an
(C) the
(D) No article

152. He suddenly heard _____ sound like _____ gunshot.

(A) a, the
(B) a, a
(C) the, the
(D) the, a

153. You should be concentrating on your project _____ listening to music all night long.

(A) so that
(B) even if
(C) rather than
(D) no more

154. I gave him all the money _____ I had.

(A) what
(B) those
(C) that
(D) why

155. Each country is responsible to keep _____ for peace in region.

(A) work
(B) works
(C) worked
(D) working



MaruGujarat.net
MaruGujarat.net
Scanned with CamScanner

156. He _____ his father in the shop until school _____.
(A) is helping, starts
(B) helped, was starting
(C) was helping, will start
(D) has helped, is starting

157. The Museum is free. It doesn't cost _____ to go in.
(A) somebody
(B) anybody
(C) nobody
(D) anything

158. Neither of us _____ going to attend the meeting.
(A) are
(B) is
(C) were
(D) was

159. They _____ in Sector 21 for five years.
(A) are living
(B) were living
(C) has been living
(D) have been living

MaruGujarat.net

160. Why _____ you come late every day?
(A) do you come
(B) did you come
(C) have you come
(D) did you came

161. If he _____ me tomorrow, I _____ some difficulty doing the work on my own.
(A) weren't to help, would have
(B) doesn't help, would have had
(C) shouldn't help, would have had
(D) wouldn't help, had

162. The company I work for offered me to choose between a better salary and a flat in the City Centre and I chose _____.
(A) the latter
(B) the last
(C) the later
(D) late



MaruGujarat.net
MaruGujarat.net
Scanned with CamScanner

E

163. We have already done the exercise. *(Change the voice)*

(A) Already the exercise has been done by us.

(B) The exercise has already been done by us.

(C) The exercise had been already done by us.

(D) The exercise is already done by us.

164. One should not give unsolicited advice. *(Change the Voice)*

(A) Unsolicited advice is not to be given.

(B) Unsolicited advice can't be given.

(C) Unsolicited advice may not be given.

(D) Unsolicited advice should not be given.

165. I really dislike _____ to work on Sundays because I feel torn between my family and work.

(A) to be asking
(B) asking
(C) being asked
(D) having asked

166. Medicines and chemical cleaning liquids _____ out of children's reach.

(A) should be kept
(B) must have kept
(C) need to keep
(D) have kept

MaruGujarat.net

167. Select the correct antonym for the word *'impediment'*.

(A) Handicap
(B) Barrier
(C) Obstacle
(D) Advantage

168. Select the correct synonym for the word *'resemblance'*.

(A) Happiness
(B) Similarity
(C) Animosity
(D) Sorrow

169. _____ I was a child, I have been afraid of the dark.

(A) As long as
(B) Ever since
(C) Until
(D) Since

170. Strawberries are _____ cheap at the moment _____ we should make some jam.

(A) both, and
(B) not only, but also
(C) so, that
(D) more, than



MaruGujarat.net

MaruGujarat.net

MaruGujarat.net

Scanned with CamScanner

**E**

171. નીચેની શ્રેણીમાં (?) ની જગ્યાએ શું આવશે ?

A2I, E4J, I8K, O16L, (?)

(A) U32N

(B) U32M

(C) T32N

(D) U64M

172. એક સાંકેતિક ભાષામાં "WATER" નો સંકેત "YCVGT" હોય તો "HKTG" એ કયા શબ્દનો સંકેત હશે ?

(A) FIRE

(B) IERF

(C) JMVF

(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

173. ત્રણ સંખ્યાઓ 1266, 1461 અને 1863 નો ગુ.સા.અ. કેટલો થશે ?

(A) 7

(B) 3

(C) 13

(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

174. બાવન પાનામાંથી એક પાનું યથેચ્છ રીતે ખેંચવામાં આવે તો તે પાનું રાજા અથવા રાણીનું હોય તેની સંભાવના કેટલી ?

(A) $\frac{8}{13}$

(B) $\frac{4}{13}$

(C) $\frac{3}{13}$

(D) $\frac{2}{13}$

175. P અને Q ને મળતા પગારનો ગુણોત્તર 3 : 4 છે. જ્યારે Q અને R ને મળતા પગારનો ગુણોત્તર 3 : 7 છે. તો R અને P ને મળતા પગારનો ગુણોત્તર કેટલો હશે ?

(A) 9 : 28

(B) 28 : 9

(C) 7 : 3

(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

176. એક ચોક્કસ સંખ્યાને પ્રથમ 10% જેટલી વધારવાથી મળતી નવી સંખ્યાને 20% જેટલી વધારવામાં આવે તો 5280 મળે છે. તો મૂળ સંખ્યા કેટલી હશે ?

(A) 3600

(B) 3800

(C) 4000

(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

177. એક સમઘનનું ઘનફળ 12167 ઘન સેમી હોય તો તેની સપાટીનું ક્ષેત્રફળ કેટલું થશે ?

(A) 3472 ચો સેમી

(B) 3174 ચો સેમી

(C) 3418 ચો સેમી

(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં



MaruGujarat.net

MaruGujarat.net

MaruGujarat.net

Scanned with CamScanner

**E**

178. એક વ્યક્તિ અમદાવાદથી વડોદરા 40 કિમી/કલાકની ઝડપે જાય છે અને 10 કિમી/કલાકની ઝડપે પરત ફરે છે. તો સમગ્ર મુસાફરી દરમ્યાન તેની સરેરાશ ઝડપ કેટલી હશે ?

(A) 16 કિમી/કલાક
(B) 32 કિમી/કલાક
(C) 20 કિમી/કલાક
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

179. એક વ્યક્તિ એક વસ્તુ 15% નફા સાથે રૂા. 207 માં વેચે છે. જો તે 25% નફો મેળવવા માંગતો હોય તો તેણે તે વસ્તુ કઈ કિંમતે વેચવી જોઈએ ?

(A) રૂા. 214
(B) રૂા. 217
(C) રૂા. 225
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

180. જો હોય તો $\sqrt{x} \div \sqrt{529} = 0.02$ નું મૂલ્ય કેટલું હશે ?

(A) 0.2116
(B) 2.116
(C) 0.02116
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

181. જો આજે બુધવાર હોય તો 97 દિવસ પછી કયો વાર હશે ?

(A) સોમવાર
(B) મંગળવાર
(C) બુધવાર
(D) ગુરૂવાર

182. P અને Q એક 1800 મીટર પરિઘના વર્તુળાકાર પથ પર અનુક્રમે 15 મીટર/મિનિટ અને 60 મીટર/મિનિટની ઝડપે ચાલે છે. જો બંને એક જ સમયે એક જ દિશામાં ચાલવાનું શરૂ કરે તો તેઓ ફરીથી પ્રથમવાર આરંભબિંદુ પર ક્યારે મળશે ?

(A) 1 કલાક
(B) 75 મિનિટ
(C) 90 મિનિટ
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

183. નીચે આપેલી રકમનું સાદુ રૂપ કેટલું થશે ?

$$(\sqrt{75} + \sqrt{48}) \div (\sqrt{48} + \sqrt{147})$$

(A) $\frac{2}{7}$
(B) $\frac{9}{11}$
(C) $\frac{10}{11}$
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

184. બે સંખ્યાઓનો ગુણાકાર 368 અને તેમનો તફાવત 7 હોય તો તે બે પૈકી મોટી સંખ્યા કઈ હશે ?

(A) 23
(B) 24
(C) 26
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

185. દશાંશ સંખ્યા 95 ને દ્વિઅંકી પધ્ધતિમાં કઈ રીતે લખાશે ?

(A) 1011101
(B) 1011011
(C) 1011111
(D) 1110111



MaruGujarat.net
MaruGujarat.net
MaruGujarat.net
Scanned with CamScanner

E

(નિર્દેશ 186 - 190) નીચેના કોષ્ટક અને માહિતીનો અભ્યાસ કરી આપેલા પ્રશ્નો માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.
એક શાળામાં ભણતા છોકરાઓ અને છોકરીઓ પૈકી જુદી જુદી રમતોમાં ભાગ લીધેલ છોકરાઓની વર્ગવાર સંખ્યાનીચેના કોષ્ટક મુજબ છે.

| રમત → / વર્ગ ↓ | ક્રિકેટ | ફૂટબોલ | હોકી | ચેસ | બેડમિન્ટન |
|---|---|---|---|---|---|
| ધોરણ - 7 | 22 | 18 | 24 | 12 | 6 |
| ધોરણ - 8 | 20 | 16 | 16 | 12 | 8 |
| ધોરણ - 9 | 24 | 8 | 22 | 12 | 14 |
| ધોરણ - 10 | 18 | 20 | 22 | 8 | 6 |
| ધોરણ - 11 | 12 | 14 | 18 | 8 | 14 |
| ધોરણ - 12 | 24 | 12 | 20 | 8 | 6 |

માહિતી -

(1) દરેક વર્ગમાં પ્રત્યેક છોકરો અને છોકરી રમતમાં ફરજીયાત ભાગ લે છે.

(2) દરેક છોકરો અને છોકરી માત્ર એક રમતમાં ભાગ લે છે.

(3) આપેલા તમામ વર્ગોમાં છોકરાઓની કુલ સંખ્યા 444 છે.

(4) દરેક રમતમાં પ્રત્યેક વર્ગમાંથી ભાગ લેનાર છોકરીઓની સંખ્યા જે તે વર્ગના તે રમતમાં ભાગ લીધેલ છોકરાઓની સંખ્યાના 50% જેટલી છે.

MaruGujarat.net

186. ધોરણ-7 ની છોકરીઓની સંખ્યા અને ધોરણ-12 ના છોકરાઓની સંખ્યાનો સરવાળો, શાળાની કુલ સંખ્યાના કેટલા ટકા છે ?

(A) 20%
(B) 21%
(C) $16\frac{2}{3}$ %
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

187. હોકી રમતી છોકરીઓની સંખ્યા કરતા નીચે પૈકી કોની સંખ્યા વધારે છે ?

(A) ચેસ રમતા છોકરાઓની સંખ્યા
(B) બેડમિન્ટન રમતા છોકરાઓની સંખ્યા
(C) ધોરણ-9 ના તમામ રમતો રમતા છોકરાઓની સંખ્યા
(D) ધોરણ-10 ની તમામ રમતો રમતી છોકરીઓની સંખ્યા

188. ધોરણ-12 ના બેડમિન્ટન રમતા કુલ વિદ્યાર્થીઓમાંથી 5 વિદ્યાર્થીઓની સમિતિ બનાવવામાં આવે તો એક ચોક્કસ વિદ્યાર્થી હંમેશા એ સમિતિમાં રહે તે રીતે કુલ કેટલી જુદી જુદી રીતે તે સમિતિ બનાવી શકાય ?

(A) 70
(B) 56
(C) 126
(D) 66



MaruGujarat.net
MaruGujarat.net
Scanned with CamScanner

E

189. ધોરણ-7 માં જુદી જુદી રમતો રમતા છોકરાઓની સંખ્યાની માહિતીનો મધ્યસ્થ કેટલો થશે ?

(A) 18 (B) 21
(C) 22 (D) 24

190. ધોરણ-11 માં જુદી જુદી રમતો રમતા છોકરાઓની કુલ સંખ્યા, સમગ્ર શાળાના છોકરાઓની કુલ સંખ્યાના કેટલા ટકા છે ?

(A) 11.74% (B) 12.61%
(C) 14.86% (D) 18.73%

191. નીચેની શ્રેણીમાં કઈ સંખ્યા બંધબેસતી નથી ?

1788, 892, 444, 220, 112, 52, 24

(A) 892 (B) 112
(C) 24 (D) 220

192. જો $x + \frac{1}{x} = 3$ હોય તો, $x^2 + \frac{1}{x^2}$ નું મૂલ્ય કેટલું થશે ?

(A) 11 (B) 9
(C) 7 (D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

193. એક રકમ સાદા વ્યાજે મૂકવાથી 2 વર્ષ પછી વ્યાજ રૂા. 756 મળે છે. જો વ્યાજનો દર 6% હોય તો તે રકમ કઈ હશે ?

(A) રૂા. 6000 (B) રૂા. 6400
(C) રૂા. 6600 (D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

194. જો વ્યાજ 6 મહિને ગણવામાં આવતું હોય તો 10% વ્યાજ દરે કેટલા સમયમાં રૂા. 1600 નું વ્યાજ મુદ્દલ રૂા. 1944.81 થશે ?

(A) 2.5 વર્ષ (B) 2 વર્ષ
(C) 3 વર્ષ (D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

195. 10 વ્યક્તિઓ એક કામ 12 દિવસમાં કરે છે. તો 20 દિવસમાં એ કામ કરવા કેટલા વ્યક્તિઓ જોઈએ ?

(A) 8 (B) 15
(C) 4 (D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

196. એક વ્યક્તિ બે ઘડિયાળ કુલ રૂા. 1000 માં ખરીદે છે. જો તે એક ઘડિયાળ 5% ખોટ સાથે અને બીજું ઘડિયાળ 20% નફા સાથે વેચે તો તેને કુલ રૂા. 50 નફો થાય. તો તે ઘડિયાળોની કિંમત કેટલી હશે ?

(A) રૂા. 550, રૂા. 450 (B) રૂા. 600, રૂા. 400
(C) રૂા. 700, રૂા. 300 (D) રૂા. 750, રૂા. 250



MaruGujarat.net
MaruGujarat.net
Scanned with CamScanner

197. એક ટ્રેન એક થાંભલાને 15 સેકન્ડમાં અને એક 100 મીટર લાંબા પ્લેટફોર્મને 25 સેકંડમાં પસાર કરે તો ટ્રેનની લંબાઈ કેટલી હશે ?

(A) 90 મીટર
(B) 125 મીટર
(C) 150 મીટર
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

198. એક ત્રિકોણની ત્રણ બાજુઓના માપ 50 મી, 78 મી અને 112 મી હોય તો તેનું ક્ષેત્રફળ કેટલા ચો. મી થશે ?

(A) 1680
(B) 1780
(C) 1844
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

199. એક વર્તુળાકાર ક્ષેત્રનો પરિઘ 5.5 કિમી હોય તો તેની ત્રિજ્યા કેટલી થશે ? ($\pi = 22/7$)

(A) 775 મીટર
(B) 800 મીટર
(C) 875 મીટર
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

200. એક દિવસમાં ઘડિયાળના મિનિટ અને કલાક કાંટા કેટલી વાર એકબીજાથી કાટખૂણે હોય છે ?

(A) 40
(B) 24
(C) 42
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં



MaruGujarat.net
MaruGujarat.net
Scanned with CamScanner